અપીલ અરજી નં.૩૦૧ તા.૨૨–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક કન્યા શાળા ક્રમાંક ૪૮ ની સામે, ડી.કે.એમ. હોસ્પિટલની પાસે જુમ્માશા ટેકરા ખાતે ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજાચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૧/૨૦૧૦–૧૧

શ્રી અશોકભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક કન્યા શાળા ક્રમાંક ૪૮ ની સામે, ડી.કે. એમ. હોસ્પિટલની પાસે જુમ્માશા ટેકરા ખાતે ચાલી રહેલા બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજાચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગત આપવા બાબતે કોઈ પ્રતિસાદ કે નિર્ણય ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૩ તા.૩–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. નં.૧૫૦૯ તા.૨૭–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બાંધકામના ફોટાની ઝેરોક્ષ, અરજદારના તારીખ અને સહી વગરના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૧૯૦ તા.૨૯–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૧૯૦ તા.૨૯–૧૧–૧૦ થી " ફોટા સહિત રજૂ કરેલ અરજીમાં દર્શાવેલ વિગતો ધ્યાને લેતાં મિલ્કત નં.૩ નોંધ નં.૩૧૫૯/બી, ૩૧૭૬/એ/૧, એ/૨ હોવાનું જણાવેલ છે. જેની વિકાસ પરવાનગી પત્ર નં.સી.ઝેડ/આ.નં.૧૩૫ તા.૧૮–૭–૦૯ થી સુરત મહાનગરપાલિકા તરફથી મંજુર હોવાનું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલનું કારણ જાહેર માહિતી અધિકારીની બેદરકારી જણાવી તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેના કોઈ આધાર રજૂ કરેલ નથી. " પરંતુ માહિતી બાબતે કોઈ અપીલનું કારણ જણાવેલ નથી.પરંતુ ફોટો કોપીમાં ટાંકીવાળું બાંધકામ છે અને શાળા ક્રમાંક ૪૮ સામે એક બાંધકામ છે અને એક ગેટ છે અને બીજો ગેટ નથી તેમજ ઝોન અધિકારીને સ્થળ ઉપર બતાવેલ છે તેવી સ્થળ બાબતની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલ છે. વધુમાં તે બાબતે નોંધ વિભાગમાં જણાવ્યાનુસાર રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલના રજાચિઠ્ઠીના રૂા.૨/– તથા પ્લાનની નકલની ખરેખરી કિંમત રૂા.૩૫૦ મળીને કુલ રૂા.૩૫૨/– ભરપાઈ કરવા રીપોર્ટ થયેલ જણાય છે. પરંતુ અરજદારે નકલની માંગણી કરેલ ન હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતીની વિગતો પૂરી પાડેલ જણાય છે.

### <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશોક પ્રેમજીભાઈ કટારીયા,